સુરત મહાનગરપાલિકા
સ્વચ્છ ભારત મિશન
પ્રેસનોટ

" સ્વચ્છ સર્વેક્ષણ-2023" અંતર્ગત સમગ્ર ભારતમાં સુરત શહેરને પ્રથમ ક્રમાંકની સિદ્ધિ

ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ(MoHUA) દ્વારા શહેરોમાં કાયમી સ્વચ્છતા રહે તે માટે સ્વચ્છ ભારત મિશન નું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત ભારત સરકાર દ્વારા "સ્વચ્છ સર્વેક્ષણ-2023" પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ, જેમાં 4477 જેટલા શહેરોએ ભાગ લીધો હતો.

ભારત સરકારની મીનીસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સની વેબસાઈટ(https://sbmurban.org) પર તા.05-01-2024 ના રોજ સુરત શહેરને Water+ સર્ટીફાઇડ અને ગાર્બેજ ફ્રી સીટીમાં 7-સ્ટાર જાહેર કરવામાં આવેલ. સમગ્ર ભારત દેશમાં ઇન્દોર, સુરત અને નવી મુંબઇ એમ ફક્ત 3 શહેરોને 7-સ્ટાર રેટિંગ મળેલ છે.

આજ રોજ તા.11-01-2024 ના રોજ ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ ની અધ્યક્ષતામાં ભારત મંડપમ, ન્યુ દિલ્હી ખાતે **સ્વચ્છ સર્વેક્ષણ-2023 એવોર્ડ સેરેમની** કાર્યક્રમ યોજવામાં આવેલ. સદર કાર્યક્રમમાં **"સ્વચ્છ સર્વેક્ષણ-2023" અંતર્ગત સમગ્ર ભારતમાં સુરત શહેરને પ્રથમ ક્રમે સૌથી સ્વચ્છ શહેર જાહેર કરવામાં આવેલ,** જે એવોર્ડ મહામહિમ રાષ્ટ્રપતિશ્રી હસ્તક મા.મેયર શ્રી દક્ષેશ માવાણી અને મા.કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ દ્વારા સ્વીકારવામાં આવેલ.

વધુમાં **સુરત શહેરને ગાર્બેજ ફ્રી સીટી અંતર્ગત 7-સ્ટાર રેટિંગ શહેર જાહેર કરવામાં આવેલ,** જે એવોર્ડ ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સના મા.મંત્રી શ્રી હરદીપ સિંહ પુરી હસ્તક શહેરના મા.મેયર શ્રી દક્ષેશ માવાણી, મા.કમિશ્નરશ્રી શાલીની અગ્રવાલ, ડે.કમિશનરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ડૉ.આશિષ નાયક અને આસી. નોડલ ઓફીસરશ્રી(SBM) ડૉ. સ્વપ્નીલ પટેલ દ્વારા સ્વીકારવામાં આવેલ.

સ્વચ્છ સર્વેક્ષણ-2023 ની માર્ગદર્શિકા મુજબ ગાર્બેજ ફ્રી સ્ટાર રેટિંગમાં કચરાનું વર્ગીકરણ, કુલ ઉત્પન્ન કચરાના પ્રોસેસિંગ માટેની ક્ષમતા, ભીના કચરાનું પ્રોસેસિંગ, સુકા કચરાનું પ્રોસેસિંગ, પ્લાસ્ટિક વેસ્ટનું પ્રોસેસિંગ, સી એન્ડ ડી વેસ્ટનું પ્રોસેસિંગ/રીસાયકલીંગ/રિયુઝ, સીટી બ્યુટીફીકેશન, ફોરલેન રોડ ઉપર સ્વીપર મશીન દ્વારા સફાઇ, જાહેર રસ્તા ઉપર ગ્રીનબેલ્ટ અને કચરાના પ્રોસેસિંગ બાદ પ્રોસેસ રીજેક્ટ કચરાને લેન્ડફીલ ખાતે ડમ્પિંગ વિગેરે પેરામીટર અંતર્ગત ગાર્બેજ ફ્રી સ્ટાર રેટિંગના સર્વેમાં સમગ્ર ગુજરાતમાં સુરત શહેરને 7-સ્ટાર જાહેર કરવામાં આવેલ છે. તેમજ Water+ સર્ટીફીકેટ માટે ડ્રેનેજ નેટવર્ક, ડ્રેનેજ કનેક્શન, વેસ્ટ વોટરનો પુનઃ વપરાશ, શહેરના વેસ્ટ વોટરનું STP/TTP પ્લાન્ટમાં વેસ્ટ વોટરનું પ્રોસેસિંગ જેવા માપદંડના આધારે સુરત શહેરને સતત ત્રીજા વર્ષે Water+ જાહેર કરેલ છે.

સ્વચ્છ સર્વેક્ષણ-2023 અંતર્ગત સુરત શહેરને સમગ્ર દેશમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયેલ છે. સર્વેક્ષણ અંતર્ગત સુરત શહેરને **કુલ 9500 ગુણમાંથી 9348.39 ગુણ પ્રાપ્ત થયેલ છે**. જેમાં સર્વિસ લેવલ પ્રોગ્રેસ કેટેગરીમાં સુરત શહેરને કુલ 4830 ગુણ માંથી 4703.46 ગુણ પ્રાપ્ત થયેલ છે. સર્ટીફીકેશન કેટેગરીમાં ગાર્બેજ ફ્રી સીટી 7-સ્ટાર રેટીંગના 1375 ગુણ અને ODF+/Water+ ના 1125 ગુણ આમ સર્ટીફીકેશન કેટેગરીમાં કુલ 2500 ગુણ માંથી 2500 ગુણ પ્રાપ્ત થયેલ છે. સીટીઝન વોઇસ કેટેગરીમાં નાગરીકોના પ્રતિભાવો, સ્વચ્છતા એપ, પ્રત્યક્ષ સ્થળ નિરીક્ષણ, ઇનોવેશન અને સીટીઝન એન્ગેજમેન્ટ હેઠળ કુલ 2170 ગુણ માંથી 2144.93 ગુણ પ્રાપ્ત થયેલ છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.11/01/2024 ના રોજ ICCC, ઉધના મગદલ્લા રોડ ખાતે મા. સ્ટેન્ડીંગ કમિટી ચેરમેનશ્રી રાજન બી. પટેલ, દંડકશ્રી ધર્મેશભાઇ વાણિયાવાલા, નેતા શાષકપક્ષશ્રી શશીબેન ત્રિપાઠી, અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, તમામ ડે.કમિશનરશ્રી, આરોગ્ય અધિકારીશ્રી અને NGO ઓના પ્રતિનિધિ તથા સુરત મહાનગરપાલિકાના અન્ય સ્ટાફની હાજરીમાં સ્વચ્છ સર્વેક્ષણ-2023 એવોર્ડ સેરેમની કાર્યક્રમનું લાઇવ પ્રસારણ નીહાળી એકબીજાને મીઠાઇ ખવડાવી સફળતાની ઉજવણી કરવામાં આવી હતી.

સમગ્ર ભારતમાં સુરતને સ્વચ્છતામાં અગ્રેસર બનાવવા સુરત શહેરના તમામ નાગરીકોનો ખુબ ખુબ આભાર તથા આગામી સર્વેક્ષણમાં આપણુ શહેર વધુ સારી કામગીરી કરે અને આજ રીતે અગ્રેસર બની રહે તે માટે સુરત મહાનગરપાલિકાને સહકાર આપવા અપીલ.

Surat City SS-2023 Rank and Markings Details

National Rank	
Swachh Survekshan-2023	
Rank #1	
Overall Score (9500)	**9348.39**
Part - I Service Level Progress Score (4830)	4703.46
Part - II A GFC Certification (1375)	1375.00
Part - II B ODF+/Water+ Certification (1125)	1125.00
Part - III Citizen's Voice(2170)	2144.93

SS-2022 & 2023 Surat city Markings Details

Swachh Survekshan-2022	
Rank #2	
Part - I Service Level Progress Score (3000)	2704
Part - II A GFC Certification (1250)	1050
Part - II B ODF+/Water+ Certification (1000)	1000
Part - III Citizen's Voice (2250)	2171
Overall Score (7500)	**6925**

Swachh Survekshan-2023	
Rank #1	
Part - I Service Level Progress Score (4830)	4703.46
Part - II A GFC Certification (1375)	1375.00
Part - II B ODF+/Water+ Certification (1125)	1125.00
Part - III Citizen's Voice (2170)	2144.93
Overall Score (9500)	**9348.39**

SS-2022 & 2023 top 3 City Rank and Markings Details

National Ranks	SS-2022(7500 Marks)	
	City	Marks
1st Cleanest City	Indore	7146
2nd Cleanest City	Surat	6925
3rd Cleanest City	Navi Mumbai	6853

National Ranks	SS-2023(9500 Marks)	
	City	Marks
1st Cleanest City	Surat	9348.39
	Indore	9348.39
3rd Cleanest City	Navi Mumbai	9240.27

Swachh Survekshan Year Wise Rank & Markings of Surat

Swachh Survekshan	Surat Rank	Obt. Marks/Max. Marks
SS-2016	#6	1605/2000
SS-2017	#4	1762.49/2000
SS-2018	#14	3318/4000
SS-2019	#14	3861/5000
SS-2020	#2	5519.59/6000
SS-2021	#2	5559.21/6000
SS-2022	#2	6925/7500
SS-2023	**#1**	**9348.39/9500**

SS-2016	Service Level Status Score (1000)	Independent Observation Score (500)	Citizen Feedback (500)	-	Overall Marks (2000)
	859	410	336	-	1605
SS-2017	Mun.ic.ipal Documentation (900)	Independent Observation (500)	Citizen Feedback & Swachhtapp (600)	-	Overall Marks (2000)
	848.58	424.66	489.25	-	1762.49
SS-2018	Service Level Progress (1400)	Direct Observation (1200)	Citizen Feedback & Swachhata App (1400)	-	Overall Marks (4000)
	941	1193	1185	-	3318
SS-2019	Part-1: Service Level Progress (1250)	Part-2: Certification (1250)	Part-3: Direct Observation (1250)	Part-4: Citizen Feedback & Swachhta App (1250)	Overall Marks (5000)
	914	750	1223	974	3861
SS-2020	Part- 1: SLP Average And SS2020 League Rankings (1500)	Part- ii Certifications (1500)	Part - iii Direct Observation (1500)	Part - iv Citizen Feedback (1500)	Overall Marks (6000)
	1350.27	1300	1500	1369.32	5519.59
SS-2021	Service Level Progress Score (2400)	GFC Certification Score (1100)	ODF Certification Score (700)	Citizen's Voice (1800)	Overall Marks (6000)
	2238.06	900	700	1721.16	5559.22
SS-2022	Part - I Service Level Progress Score (3000)	Part - II A GFC Certification (1250)	Part - II B ODF+/Water+ Certification (1125)	Part - III Citizen's Voice(2250)	Overall Marks (7500)
	2704	1050	1000	2171	6925
SS-2023	Part - I Service Level Progress Score (4830)	Part - II A GFC Certification (1375)	Part - II B ODF+/Water+ Certification (1125)	Part - III Citizen's Voice(2170)	Overall Score (9500)
	4703.46	1375	1125	2144.93	9348.39

Last 3 Year top 3 City Rank & Marks Details


Category	Marks	Swachh Survekshan-2021			Marks	Swachh Survekshan-2022			Marks	Swachh Survekshan-2023		
		National Ranks				National Ranks				National Ranks		
		1st Cleanest City	2nd Cleanest City	3rd Cleanest City		1st Cleanest City	2nd Cleanest City	3rd Cleanest City		1st Cleanest City		3rd Cleanest City
		City Name				City Name				City Name		
		Indore	Surat	Vijaywada		Indore	Surat	Navi Mumbai		Surat	Indore	Navi Mumbai
Service Level Progress Score	**2400**	2313.88	2238.06	2159.44	**3000**	2702	2704	2641	**4830**	4703.46	4709.38	4671.44
Certification Score	**1800**	1600.00	1600.00	1600.00	**2250**	2250	2050	2050	**2500**	2500.00	2500.00	2500.00
Citizen's Voice	**1800**	1704.76	1721.16	1608.93	**2250**	2195	2171	2162	**2170**	2144.93	2139.01	2068.83
Overall Score	**6000**	**5658.14**	**5559.21**	**5368.37**	**7500**	**7146**	**6925**	**6853**	**9500**	**9348.39**	**9348.39**	**9240.27**

Swachh Survekshan-2023
1st Cleanest City of India Award



Garbage Free City 7-Star Award




आवासन और शहरी कार्य मंत्रालय
भारत सरकार
MINISTRY OF HOUSING AND URBAN AFFAIRS
GOVERNMENT OF INDIA
SURAT | सूरत
ALL INDIA CLEAN CITY RANK 1
SWACHH SURVEKSHAN
2023


स्वच्छ भारत मिशन (शहरी)
7
STAR
Garbage Free City
SWACHH BHARAT MISSION (URBAN)
SURAT | सूरत
GARBAGE FREE CITIES


SWACHH
SURVEKSHAN
2023
Swachh City Award
Awarded to
Surat
For achieving
All India Clean City Rank 1
Roopa Mishra
Joint Secretary & Mission Director
Swachh Bharat Mission- Urban
Manoj Joshi
Secretary,
Ministry of Housing & Urban Affairs


GARBAGE FREE CITY
STAR RATING
Star Rating Certificate
Swachh Bharat Mission (Urban)
This is to certify that city of
Surat
of the State Gujrat has been certified
(Seven Star)
Garbage Free City
(11-01-2024 - 10-01-2025)
Roopa Mishra
Joint Secretary & Mission Director
Swachh Bharat Mission- Urban
Manoj Joshi
Secretary,
Ministry of Housing & Urban Affairs









જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા
સમાચાર યાદી નં.,૪૮૩, તા. ૧૧-૦૧-૨૦૨૪